ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને રૂ.૭૫.૦૦ લાખની શેરમૂડીની ગ્રાન્ટ ફાળવવા બાબત. (વર્ષ ૨૦૨૨-૨૩)

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૭/૩૨૫૨૫૦/અ.૧

(E-sarkar No:SJED/MIS/e-file/17/2022/1495/A1)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૨૪/૦૩/૨૦૨૩

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:SJED/CNI/e-file/17/2021/0001/B

(૨) આ વિભાગનો તા.૨૮/૦૬/૨૦૨૨નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૩/૦૩/૨૦૨૩નો પત્ર ક:વિજાક/બો.નિ./૨૦૨૨-૨૩/૧૪૧-૪૨

**આમુખ:-**

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં શેરમૂડી ગ્રાન્ટ પેટે રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક ૧) પરના તા.૦૭-૦૪-૨૦૨૨ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે શેરમૂડી ગ્રાન્ટ પેટે થયેલ રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઇમાંથી આ વિભાગના વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૨) પરના તા.૨૮/૦૬/૨૦૨૨ના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિસકતિ જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરને મંજૂરી આપવામાં આવેલ છે. તેમજ હાલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૦૩/૦૩/૨૦૨૩ના પત્રથી રૂા.૭૫.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે શેરમૂડી ગ્રાન્ટ પેટે થયેલ રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઇમાંથી બાકી રહેતી રૂ.૭૫.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના હવાલે મુકવા

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**<u>શરતો :-</u>**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

(૨) ઉપર્યુકત મંજૂર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં.

(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તેમજ વર્ષના અંતે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર:૪૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, ગૌણ સદર:૧૯૦ જાહેર સત્રની સહાયક અને અન્ય, પેટા સદર: ૦૫ ઓબીસી-૨૧ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને શેરમૂડી હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં મંજૂર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૭) હવે પછીની મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

૩. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૧/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Ketankumar Adhelabhai Damor
Location: Gandhinagr, Gujarat
Organization Unit: Social Justice and Empowerment Department
Date: 24-Mar-2023 (12:46 PM)

(કેતન ડામોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાનાઃ-</u>**

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં વિભાગ (ક-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ/કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૩.